૬૧

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગરને વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
રૂ. ૨૫.૦૦ લાખ. વર્ષ ૨૦૧૮-૧૯
( ડિસેમ્બર-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૯ )

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૫/૧૦૨૫/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-03/૦૧/૨૦૧૯

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ. (પૃ.૪૩૭/પ.વિ.)
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૬૨/અ-૧ (પૃ.૪૪૭/પ.વિ.)
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૧૦/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૬૨/અ-૧ (પૃ.૪૬૧/પ.વિ.)
(૪) એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા.૨૬/૧૨/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ ગુગો/મકમ/૨૧૬૭૧/ ૨૦૧૮ (પૃ.૪૭૧/પ.વિ.)

ઠ રા વઃ-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ પેટે સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ.૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૯/૦૫/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમને એપ્રિલ-૨૦૧૮ થી જુલાઇ-૨૦૧૮ સુધીના સમયગાળા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૫/૧૦/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમને ઓગસ્ટ-૨૦૧૮ થી નવેમ્બર-૨૦૧૮ સુધીના સમયગાળા માટે બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી.વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના

તા.૨૬/૧૨/૨૦૧૮ના પત્રથી એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમના પત્રથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગરને બજેટ જોગવાઇ મુજબની બાકી રહેતી રૂ.૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ તરીકે કરવામાં આવેલ બજેટ જોગવાઇ રૂ. ૭૫.૦૦ લાખ (અંકે રૂપિયા પંચોતેર લાખ પુરા) પૈકી ડિસેમ્બર-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૯ના સમયગાળા માટેની રૂ.૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા) ની વહીવટી ગ્રાન્ટ ત્રીજા અને આખરી હપ્તા પેટે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૭) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર સુધારેલ ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૨/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૪. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
૫. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
૬. સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સિલેકટ ફાઇલ-૨૦૧૯